# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17/11/2025** **Morning : 7.10 to 7.20**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

---

1. **આજે મુખ્યમંત્રી અમદાવાદના આંબલી ખાતે યુનિટી રનને પ્રસ્થાન કરાવશે, રાજ્યમાં અનેક સ્થળોએ એકતા યાત્રા યોજાઇ.**
2. **સુરતમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ શહેરના માર્ગો ઉપર બાજનજર રાખવા નેત્રમનું ઉદ્ઘાટન કર્યું.**
3. **કેન્દ્રીય મંત્રી C.R. પાટીલે નવસારીને 15 કરોડના વિકાસ કાર્યોની ભેટ આપી**
4. **ભાવનગરમાંથી ફોરેસ્ટ ઓફિસરના ક્વાર્ટર નજીકથી માતા અને બે બાળકો દાટી દેવાયેલા મૃતદેહો મળ્યા**
5. **અમદાવાદ ઇન્ટરનેશનલ બુક ફેસ્ટિવલમાં કોમનવેલ્થ ગેમ્સની કિંગ્સ બેટન રિલેને જોઇ શકા.શે**
6. **ટોકિયોમાં ચાલી રહેલી ડેફલિમ્પિક્સ સ્પર્ધામાં રાજ્યના નિશાને બાજ મોહમ્મદ મુર્તુજાએ રજત ચંદ્રક જીત્યો.**

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# EKTA YATRA

સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે એકતા પદયાત્રાનું આયોજન કરાયું. આ પદયાત્રાઓમાં સ્વચ્છતા અભિયાન , સામાજિક કલ્યાણની પ્રવૃતિઓ, આત્મનિર્ભર ભારત, સ્વદેશી મેળાનું આયોજન જેવી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે અમદાવાદના આંબલી ખાતેથી એકતા યાત્રાને પ્રસ્થાન કરાવશે. આ યુનિટી માર્ચમાં ભાજપના પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા , ઉર્જા અને મંત્રી ઋષિકેશ પટેલ ઉપસ્થિત રહેશે

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં સુરતના મજુરા ખાતે પદયાત્રા યોજાઈ હતી. 8 કિલોમીટર લાંબી આ પદયાત્રામાં 20 હજારથી વધુ રાષ્ટ્રપ્રેમી નાગરિકો જોડાયા હતા.

નિકોલમાં યોજાયેલી પદયાત્રામાં રાજ્યના કૃષિ મંત્રી જીતુ વાઘાણી , રાજ્યમંત્રી દર્શના વાઘેલા અને ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા સહિત અનેક મહાનુભાવો અને મોટી સંખ્યામાં જોડાયા હતા.

અમદાવાદના રાણીપમાં યોજાયેલી યુનિટી યાત્રામાં સરદાર બાગ ખાતે 150મી જન્મ જયંતીના સ્મરણમાં સરદાર સાહેબે 562 રજવાડાઓને ભારત સાથે જોડ્યા 562 વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું. સરદાર સાહેબના દીકરી મણીબેનના સ્મરણમાં આ વૃક્ષોનું વાવેતર મહિલાઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

એકતા પદયાત્રા અંતર્ગત ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ તાલુકાના સવનીથી સોમનાથ સુધીની જિલ્લાકક્ષાની ભવ્ય પદયાત્રા યોજાઈ

ડીસા ખાતે રાજ્યના વન અને પર્યાવરણ , રાજ્યમંત્રીશ્રી પ્રવીણભાઈ માળીના અધ્યક્ષસ્થાને ભવ્ય પદયાત્રાનું આયોજન કરાયું હતું. પદયાત્રા દરમિયાન સ્વચ્છતા અભિયાન, વ્યસનમુક્તિ જાગૃતિ શિબિર અને યોગ શિબિર જેવા વિવિધ રચનાત્મક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

વ્યારા ખાતે યોજાયેલી એકતા યાત્રા પૂર્વે અખંડ ભારતની ભવ્ય રંગોળીનું પ્રદર્શન કરાયું હતું.

---

## JAMJODHPUR PADYATRA

સરદાર વલ્લભભાઈ પટેલની 150 મી જન્મજયંતિ નિમિત્તે સાંસદ પૂનમ માડમની અધ્યક્ષતામાં જામજોધપુર વિધાનસભા વિસ્તારની વિશાળ પદયાત્રા યોજાઈ.

વિધાનસભા હેઠળ આવતા તમામ ગામોની માટી અને જળથી 'એકતા વડ' રોપી ગ્રામજનોએ સરદાર સાહેબના 'એક ભારત'ના સંદેશને જીવંત કર્યો દલદેવળિયાથી સડોદર સુધીના ૮ કિ.મી.ના પદયાત્રા માર્ગ પર ગ્રામજનોએ ઉમંગ અને ઉત્સાહ સાથે પદયાત્રાનું સ્વાગત કર્યું.

નાગરિકોને વિકસિત ભારતની આ યાત્રામાં સહભાગી બનવા અને 'સ્વદેશી' અપનાવી દેશના વિકાસમાં પોતાનું યોગદાન આપવા સાંસદ પૂનમ માડમનું આહ્વાન કર્યું હતું.

### બાઇટ- પૂનમ માડમ, સાંસદ, જામનગર

---

## SURAT NETRAM

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ સુરત શહેર પોલીસ કમાન્ડ અને કંટ્રોલ રૂમમાં 'નેત્રમ'નું ઉદ્ઘાટન કર્યું.

આ કમાન્ડ અને કંટ્રોલ રૂમમાંથી 1,640 નવીનતમ ટેકનોલોજીવાળી ઓટોમેટિક નંબર પ્લેટ ઓળખ અને રેડ લાઇટ ઉલ્લંઘન AI-આધારિત સિસ્ટમ્સનું 30 પોલીસ કર્મચારીઓના સ્ટાફ દ્વારા 24 કલાક નિરીક્ષણ કરવામાં આવશે, તેમ પોલીસ કમિશનર અનુપમ સિંહ ગેહલોતે જણાવ્યું.

### બાઇટ- અનુપમસિંહ ગેહલોત, પોલીસ કમિશનર

---

# MORBI SIR

રાજ્યભરમાં મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા- SIR પ્રક્રિયા પૂરજોશમાં ચાલી રહી છે. ત્યારે રવિવારે મોરબીમાં બૂથ લેવલ ઓફિસર- BLO દ્વારા મતદારોને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું.

જિલ્લા કલેકટર સ્વપ્નિલ ખરેએ યોગ્ય માહિતી આપવા મતદારોને અનુરોધ કર્યો.

## બાઇટ : સ્વપ્નિલ ખરે – જિલ્લા કલેક્ટર

---

# NAVSARI VIKAS KARYO

કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલે નવસારી મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં વિવિધ વિકાસ કાર્યોની ભેટ આપી હતી.

જેમાં એક હજાર 480 લાખના ખર્ચે જિલ્લા કક્ષાના મોડેલ ફાયર સ્ટેશન તથા નવસારી શહેરના ગ્રીડ રોડ ખાતે જળશક્તિ અભિયાન અંતર્ગત "કેચ ધ રેઇન" થીમ હેઠળ અંદાજિત ખર્ચ 18લાખથી વધુનૂના ખર્ચે તૈયાર થયેલ ટ્રાફિક આઇલેન્ડ સ્કલ્પ્ચરનું લોકાર્પણ કરવામાં આવ્યું હોવાનું મનપા કમિશનર દેવ ચૌધરીએ કહ્યું હતું..

## બાઇટ : દેવ ચૌધરી - મનપા કમિશનર નવસારી

---

# BHAVNAGAR TRIPLE DEAD BODY FOUND

ભાવનગરમાં શહેરના કાચના મંદિર સામે આવેલી ફોરેસ્ટ કોલોની નજીકથી એક ફોરેસ્ટ અધિકારીના પત્ની અને તેમના બે માસૂમ બાળકોના મૃતદેહો જમીનમાં દાટેલી હાલતમાં મળી આવ્યા છે.

આ ત્રણેય છેલ્લા 10 દિવસથી ગુમ હતા. અને આ અંગે પોલીસમાં ફરિયાદ નોંધાવાઈ હતી જેમાં તેઓ ઘરેથી સુરત જવાનું કહીને નીકળ્યા હતા અને ગુમ થયા હતા તેમ જણાવ્યું હતું. પરંતુ ફોરેસ્ટ અધિકારીના ઘર નજીકથી જ પરિવારના ત્રણેયના મૃતદેહો મળી આવતા ભારે ચકચાર મચી જવા પામી છે.

બનાવ ની જાણ થતા પોલીસ અને ફોરેસ્ટ ખાતાનો ઉચ્ચ અધિકારીનો કાફલો બનાવ સ્થળે દોડી આવ્યો હતો. ફોરેસ્ટ અધિકારી શૈલેષ ખાંભલીયાએ પત્ની અને બે બાળકો ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ ત્રણેયના મૃતદેહ ઘર પાસેથી અવાવરૂ જગ્યાએથી મળી આવ્યાં હતા. આ મામલે પોલીસ તપાસ કરી રહી છે.

---

# AMRELI GANJO

ગુજરાત પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે અમરેલી જિલ્લામાં ગેરકાયદેસર ડ્રગ્સની હેરાફેરી અને ખેતી પર અત્યાર સુધીનો સૌથી મોટો દરોડો પાડ્યો છે.

ચોક્કસ માહિતીના આધારે, SOG ટીમે અમરેલીના ગ્રામીણ વિસ્તારમાં કપાસના પાક નીચે છુપાયેલા કરોડો રૂપિયાના ગાંજાના વાવેતરનો પર્દાફાશ કર્યો.

આ કેસમાં, SOG એ 155 કિલોગ્રામ લીલા ગાંજાના છોડ સાથે એક શંકાસ્પદ વ્યક્તિની ધરપકડ કરી અને વધુ તપાસ શરૂ કરી.

પ્રાથમિક માહિતી અનુસાર, SOG ટીમને અમરેલીના કેરાળા ગામથી મતીરાળાની સરહદ પર આવેલા ખેતરમાં મોટા પાયે ગેરકાયદે ગાંજાના વાવેતરની માહિતી મળી હતી.

---

## COMMONWEALTH BATTON

વર્ષ 2026માં ગ્લાસગો ખાતે યોજાનાર કોમનવેલ્થ ગેમ્સની કિંગ્સ બેટનનું અમદાવાદમાં ભવ્ય આગમન થયું છે. કોમનવેલ્થના મૂલ્યો અને રાષ્ટ્રની ઓળખ ઉજાગર કરતી "ધ કિંગ્સ બેટન રિલે – રોડ ટુ કોમનવેલ્થ ગેમ્સ, ગ્લાસગો 2026" ઇવેન્ટ કોમનવેલ્થની એકતા , માનવતા, સમાનતા અને નિયતિના સાચા ભાવને ઉજાગર કરે છે.

અમદાવાદમાં 15થી 17મી નવેમ્બર દરમિયાન ત્રણ દિવસ વિવિધ કાર્યક્રમો થકી કોમનવેલ્થ ગેમ્સની કિંગ્સ બેટન રિલેને આવકારવામાં આવી રહી છે. પ્રથમ દિવસે ગુજરાત યુનિવર્સિટીથી શરૂ કરીને IIT ગાંધીનગર, સંસ્કારધામ, એલ. જે યુનિવર્સિટી અને વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે કિંગ્સ બેટન રિલેને આવકારવામાં આવી હતી. કિંગ્સ બેટન રિલેને આવકારવા યોજાયેલા કાર્યક્રમમાં લંડન ઓલિમ્પિકના બ્રોન્ઝ મેડલિસ્ટ ગગન નારંગ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

---

# DEFMPLIC

ટોકિયોમાં ચાલી રહેલી બધીરો માટેની ડેફલિમ્પિક સ્પર્ધામાં રાજ્યના નિશાનેબાજ મોહમદ મુર્તુઝાએ રજત ચંદ્રક જીત્યો છે.

આ સ્પર્ધામાં દેશના ધનુષ શ્રીકાંતે સુવર્ણ ચંદ્રક જીત્યો છે. ધનુષે 10 મીટર એર રાઇફલ સ્પર્ધાની   ફાઇનલમાં 252.2 ના સ્કોર સાથે વિશ્વ રેકોર્ડ સર્જી સુવર્ણ ચંદ્રક મેળવ્યો છે જ્યારે મુર્તુઝાએ 250.1 નો સ્કોર સાથે રજત ચંદ્રક જીત્યો છે.

---

# WEATHER

આગામી 7 દિવસ સુધી રાજ્યમાં વાતાવરણ સુકું રહેશે. હવામાન વિભાગ ના જણાવ્યા અનુસાર છે કે, ઉત્તર-પૂર્વ દિશામાંથી પવનો ફૂંકાશે, જેના કારણે આગામી દિવસોમાં લઘુત્તમ તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રીનો ઘટાડો થવાની શક્યતા છે.

---